# મોટેરા સ્ટેડિયમમાં પ્રેક્ષકોની હાજરી વગર મેચ રમાશે

## અમદાવાદમાં વેસ્ટઈન્ડિઝ સામે ત્રણ વન-ડેની શ્રેણી : ૬ ફેબ્રુઆરીએ પ્રથમ વન-ડે, અંતિમ વન-ડે ૧૧ તારીખે

અમદાવાદ, તા.૧

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે અમદાવાદમાં ત્રણ વન-ડે ક્રિકેટ મેચની સીરિઝ રમાશે. ૬ ફેબ્રુઆરીએ પ્રથમ વન-ડે રમાશે જ્યારે અંતિમ વન-ડે ૧૧ તારીખે રમાશે. જોકે, ગુજરાત ક્રિકેટ એસોસિયેશને મંગળવારે જણાવ્યું છે કે કોવિડ-૧૯ની પ્રવર્તમાન પરિસ્થિતિને જોતા સ્ટેડિયમમાં પ્રેક્ષકોને પ્રવેશની મંજૂરી આપવામાં આવશે નહીં. આ તમામ મેચો નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. ગુજરાત ક્રિકેટ એસોસિયેશને ટ્વિટ કર્યું હતું કે, અમે વેસ્ટ ઈન્ડિઝના ભારત પ્રવાસમાં વન-ડે સીરિઝની યજમાન કરવા માટે સજ્જ છીએ. ૬ ફેબ્રુઆરીએ રમાનરી પ્રથમ વન-ડે ઘણી જ ખાસ અને ઐતિહાસિક હશે કેમ કે ભારત તેની ૧૦૦૦મી વન-ડે રમશે. ભારત આ સિદ્ધિ નોંધાવનારી વિશ્વની પ્રથમ ક્રિકેટ ટીમ બની જશે. જોકે, ત્યારબાદ બીજી ટ્વિટમાં એસોસિયેશને પ્રેક્ષકોને મંજૂરી નહીં હોય તેવી માહિતી આપી હતી. એસોસિયેશને ટ્વિટ કર્યું હતું કે, વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખતા તમામ મેચો ખાલી સ્ટેડિયમમાં રમાશે. નોંધનીય છે કે મોટેરામાં આવેલું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ છે.

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ત્રણ વન-ડે મેચની સીરિઝ બાદ ત્રણ ટી૨૦ મેચની સીરિઝ પણ રમાવાની છે. ટી૨૦ સીરિઝ કોલકાતામાં રમાશે. જોકે, પશ્ચિમ બંગાળ સરકારે ૭૫ ટકા ક્ષમતા સાથે પ્રેક્ષકોને મંજૂરી આપી છે. સીરિઝ માટે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ બંને ટીમો અમદાવાદ ખાતે આવી પહોંચી છે. રોહિત શર્મા આ સીરિઝ દ્વારા રોહિત શર્મા ફૂલટાઈમ વન-ડે ટીમનું સુકાની પદ સંભાળશે. ટી૨૦ વર્લ્ડ કપ બાદ ટી૨૦ ટીમનું સુકાની પદ છોડી દીધા બાદ બીસીસીઆઈ દ્વારા કોહલીને વન-ડે ટીમના સુકાની પદેથી હટાવી દેવામાં આવ્યો હતો અને તેના સ્થાને રોહિતને કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. ઈજાના કારણે રોહિત શર્મા સાઉથ આફ્રિકાના પ્રવાસે જઈ શક્યો ન હતો અને ત્યારે લોકેશ રાહુલે વન-ડે સીરિઝમાં ટીમની આગેવાની કરી હતી. જોકે, હવે ફિટ રોહિત શર્મા ટીમનું સુકાન સંભાળશે.

# આખરે નાસાની ટીમ સફેદ રણમાં રિસર્ચ કરશે

**કચ્છનો મંગળ ગ્રહ સાથે છે સીધો સંબંધ : માતાના મઢમાં મંગળ ગ્રહ જેવી જમીન બાદ હવે સફેદ રણમાં મંગળનું કનેક્શન શોધવા નાસા કચ્છ પહોંચ્યુ છે**

કચ્છ,તા.૧

માતાના મઢમાં મંગળ ગ્રહ જેવી જમીન બાદ હવે સફેદ રણમાં મંગળનું કનેક્શન શોધવા નાસા કચ્છ પહોંચ્યુ છે. નાસાના વિજ્ઞાનીઓને મંગળ ગ્રહ પર મળેલા સોલ્ટ ક્રિસ્ટલ બાદ હવે કચ્છના સફેદ રણમાં જોવા મળતા ક્રિસ્ટલ સાથે સરખામણી કરશે. ફેબ્રુઆરીમાં એમિટી યુનિવર્સીટી, કચ્છ યુનિવર્સીટી અને નાસાનો સંયુક્ત પ્રોજેક્ટ અમલી થશે. જેમાં સોલ્ટ ક્રિસ્ટલના ઢ્રદ્રછ ટેસ્ટ બાદ જગવિખ્યાત સફેદરણ અને મંગળની જમીનના સંબંધ ખુલશે. કચ્છના સફેદ રણમાં ચંદ્ર જેવા આભાસ બાદ હવે મંગળની અનુભૂતિ થશે. મંગળગ્રહ અને કચ્છના સફેદરણના સોલ્ટ ક્રિસ્ટલના ડીએનડી ટેસ્ટ થશે. નાસાની ટીમને મંગળ ગ્રહનું કચ્છ સાથેનુ કનેક્શન મળી આવ્યુ છે. નાસાની ટીમ કચ્છના રણમાં આવેલ સફેદ ક્રિસ્ટલનુ મંગળ ગ્રહ સાથે કનેકશન શોધશે. ફેબ્રુઆરીમાં નાસાની ટીમ કચ્છ આવશે અને મંગળ ગ્રહ પર મળતા હાઈપર સેલાઈન વોટરમાં થતા બેક્ટેરિયાની તપાસ કરશે. આ એક ચોક્કસ પ્રકારના બેક્ટેરિયા છે. .મંગળ ગ્રહ અને કચ્છના રણના સોલ્ટ ક્રિસ્ટલના ઢ્રદ્રછ ટેસ્ટ કરાશે.જો સમાન ગુણો મળશે તો ભવિષ્યમાં મંગળ પરના અનેક રહસ્યો કચ્છના સફેદ રણમાં મીઠા થકી ઉકેલી શકશે. અગાઉ માતાના મઢમાં જેરોસાઈટ મળ્યા બાદ મંગળ ગ્રહ જેવી સપાટી મળી હતી. કચ્છમાં અનેક એવી રહસ્ય જગાવતી બાબતો છે જે વૈજ્ઞાનિકોને કુતૂહલ સર્જે છે. નાસાની ટીમનુ મંગળ ગ્રહ સાથેનુ કનેક્શન રિસર્ચની દુનિયામાં મોટુ પરિવર્તન લાવી શકે છે.



ગાંધીનગર કોર્ટમાં કોર્ટ ડયુટી તરીકે ફરજ બજાવતા વિનોદભાઈ બેચરભાઈ સોલંકી વય નિવૃત થતા વકીલો તેમજ કોર્ટ સ્ટાફે તેમને શુભેચ્છા પાઠવી હતી. ગાંધીનગર કોર્ટમાં ડીજીપી કચેરીમાં ફરજ બજાવતા અને વકીલોના હ્દયમાં આગવુ સ્થાન ધરાવતા વિનોદભાઈને તેમની શ્રેષ્ઠ કામગીરી બદલવર્ષ ૨૦૧૯માં એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો. મુખ્ય જિલ્લા સરકારી વકીલ હીતેશ રાવલ તેમજ જિજ્ઞેશ જોષી ઉપરાંત અન્ય વકીલોએ પણ તેમનુ પુષ્પગુંચ્છથી સન્માન કર્યુ હતુ. આ ઉપરાંત છેલ્લા ૨૭ વર્ષથી ઉમદા સેવા આપનાર વિનોદભાઈનુ ગુજરાત બાર કાઉન્સિલના સભ્ય શંકરસિંહ એસ ગોહીલે સાલ ઓઢાડી બુકે આપી સન્માન કર્યુ હતુ. આ તબક્કે સરકારી વકીલ પ્રિતેશ વ્યાસ, પ્રમુખ લાલસિંહ ગોહીલ, અજીતસિંહ ચાવડા , સંદીપ પટેલ, પુર્વ પ્રમુખ જગદીશસિંહ વાઘેલા સહીત વકીલોએ તેમને નિવૃત જીવનની શુભેચ્છા પાઠવી હતી.

# ધરખમ ઘટાડો : રાજ્યમાં કોરોનાના ૮૩૩૮ કેસ

## ૨૨૯ વેન્ટિલેટર પર છે, ૭૫૨૩૫ નાગરિકો સ્ટેબલ છે, અત્યાર સુધીમાં ૧૦૮૩૦૨૨ લોકો ડિસ્ચાર્જ થયા

ગુજરાતમાં કોરોના વાયરસના કેસ અચાનક ઘટવા લાગ્યા છે. ગુજરાતમાં આજે કોરોનાના ૮૩૩૮ કેસ નોંધાયા હતા. જે અત્યાર સુધીની તુલનાએ ખુબ જ ઓછા હતા. બીજી તરફ ૧૬૬૨૯ દર્દીઓ રિકવર પણ થયા હતા. અત્યાર સુધીમાં ગુજરાતમાં કુલ ૧૦,૮૩,૦૨૨ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૨.૬૫ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૪,૪૯,૧૬૫ નાગરિકોનું રસીકરણ કરાયું હતું. ગુજરાતમાં કોરોનાના નવા ૮૩૩૮ કેસની વાત કરીએ તો અમદાવાદમાં ૨૭૦૨ કેસ, ૮ દર્દીના મોત થયા છે. વડોદરા ૨૧૯૬ કેસ, ૩ દર્દીના મોત, રાજકોટમાં ૬૩૫ કેસ, ૬ દર્દીના મોત, સુરતમાં ૩૯૪ કેસ, ૫ દર્દીના મોત, ગાંધીનગરમાં ૨૮૭ કેસ, ૨ દર્દીના મોત, ભાવનગરમાં ૯૨ કેસ, ૫ દર્દીના મોત, જામનગરમાં ૧૧૬ કેસ, ૨ દર્દીના મોત, જૂનાગઢમાં ૭૬, પાટણ ૨૨૪, બનાસકાંઠામાં ૨૧૨ કેસ, કચ્છમાં ૨૧૦, ભરૂચમાં ૧૪૫, મહેસાણા ૧૩૦ કેસ મોરબીમાં ૧૧૬, ખેડામાં ૧૧૨, પંચમહાલમાં ૯૮ કેસ, આણંદમાં ૯૫, સાબરકાંઠામાં ૮૪, વલસાડમાં ૮૧ કેસ, અમરેલીમાં ૬૧, નવસારીમાં ૩૯, ગીરસોમનાથમાં ૩૭ કેસ, સુરેન્દ્રનગરમાં ૩૭, તાપીમાં ૩૪, દાહોદમાં ૩૩ કેસ, છોટાઉદેપુર - દ્વારકા - મહિસાગર ૧૬ - ૧૬ કેસ, ડાંગમાં ૧૩, નર્મદામાં ૧૧, અરવલ્લીમાં ૧૦ કેસ, બોટાદ - પોરબંદરમાં ૫ - ૫ કેસ, પંચમહાલમાં ૧, વલસાડમાં ૧, અમરેલીમાં ૧ મોત, નવસારીમાં ૨, દ્વારકામાં ૧, બોટાદમાં ૧ મોત થયા છે. હાલમાં રાજ્યમાં ૭૫૪૬૪ એક્ટિવ કેસ છે. જે પૈકી ૨૨૯ વેન્ટિલેટર પર છે. જ્યારે ૭૫૨૩૫ નાગરિકો સ્ટેબલ છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં ૧૦૮૩૦૨૨ ડિસ્ચાર્જ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે કુલ ૧૦૫૧૧ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૩૮ નાગરિકોનાં મોત થયા હતા. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૮, વડોદરા કોર્પોરેશન ૩, રાજકોટ કોર્પોરેશન ૪, સુરત કોર્પોરેશન ૩, રાજકોટ ૨, સુરત ૨, પંચમહાલ ૧, જામનગર કોર્પોરેશન ૧, વલસાડ ૧, ભાવનગર કોર્પોરેશન ૨, ગાંધીનગર ૨, અમરેલી ૧, નવસારી ૨, જામનગર ૧, દેવભૂમિ દ્વારકા ૧, ભાવનગર ૩, બોટાદ ૧ એમ કુલ ૩૮ લોકોના મોત થયા છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૩૯ ને પ્રથમ ૧૧૫૪ ને બીજો ડોઝ અપાયો હતો. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૭૮૦૭ ને પ્રથમ અને ૨૧૦૩૦ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૩૦૧૪૨ ને પ્રથમ ૯૪૧૮૬ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૮ વર્ષના ૩૬૬૪૩ ને પ્રથમ ૨૦૫૪૮૦ ને બીજો જ્યારે ૫૨૬૮૪ લોકોને પ્રીકોર્શન ડોઝ અપાયા હતા. આ પ્રકારે આજના દિવસમાં કુલ ૪,૪૯,૧૬૫ રસીના ડોઝ આજે અપાયા હતા. અત્યાર સુધીમાં કુલ ૯,૮૩,૮૨,૪૦૧ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

### "ફિટ ઈન્ડિયા ક્વિઝ"ના પ્રારંભિક રાઉન્ડમાં ગુજરાતના ખેલાડીઓનો પ્રસંશનીય દેખાવ

વિદ્યાર્થીઓ માટે ભારતની સૌપ્રથમ સૌથી મોટી રમતગમત અને ફિટનેસ ક્વિઝ "ફિટ ઈન્ડિયા ક્વિઝ"ના પ્રારંભિક રાઉન્ડના પરિણામો ગઈ કાલે જાહેર કરવામાં આવ્યા હતા જેમાં સુરત જિલ્લાના એસ.બી.આર મહેશ્વરી વિદ્યાપીઠના પ્રતિક સિંઘે પ્રાથમિક રાઉન્ડમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જ્યારે અમદાવાદ જિલ્લાની મહારાજા અગ્રસેન વિદ્યાલયના મસ્ત શ્રવણ અગ્રવાલ બીજા ક્રમે અને વડોદરા જિલ્લાની બ્રાઈટ ડે સ્કૂલ હરણી યુનિટના દેવ પરીખ ત્રીજા ક્રમે રહ્યા હતા. યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા આયોજિત ફિટ ઈન્ડિયા ક્વિઝના પ્રારંભિક રાઉન્ડમાં દેશભરના ૬૫૯થી વધુ જિલ્લાઓમાંથી પ્રતિયોગીઓ હતા જેમાંથી ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૩૬૦ શાળાઓના વિદ્યાર્થીઓને હવે રાજ્ય રાઉન્ડ માટે શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે. ક્વિઝની ઈનામી રકમ રૂ. ૩.૨૫ કરોડ છે જે ક્વિઝના વિવિધ તબક્કામાં વિજેતા શાળાઓ અને વિદ્યાર્થીઓને આપવામાં આવશે.

# પૂર્વ આઈએએસ અધિકારી અને ભાજપના પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ ઝવેરભાઈ ચાવડાનું અવસાન

ગાંધીનગર, તા. ૦૧

ભારતીય જનતા પાર્ટીના ગુજરાત રાજ્યના પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ તેમજ અનુસૂચિત જાતિ આર્થિક નિગમના પૂર્વ ચેરમેન રહી ચુકેલા પૂર્વ આઈએએસ અધિકારી ઝવેરભાઈ ચતુરભાઈ ચાવડાનું ગત મોડી રાત્રે અવસાન થવા પામ્યું છે.

સ્વ. ઝવેરભાઈ ચાવડાનો જન્મ મહેસાણા જીલ્લાના વીસનગર તાલુકાના ઘાઘરેટ ગામે એક સામાન્ય વણકર કુટુંબમાં થયો હતો. સરકારી અધિકારી તરીકે કારકિર્દિની શરુઆત કરી ભારત સરકારના વિવિધ વિભાગોમાં સેવા આપી હતી જેમાં ૧૯૬૦-૬૨માં વિદેશ મંત્રાલયમાં નેપાળ માટેના વિશેષ સલાહકાર તરીકે, ૧૯૮૨માં ગુજરાત સરકારના ઉપસચીવ તરીકે, ૧૯૮૦માં ગુજરાત આદિવાસી વિકાસ નિગમના મેનેજીંગ ડિરેકટર તરીકે, ૧૯૮૩-૮૬માં સાબરકાંઠા જીલ્લાના કલેકટર તરીકે તેમજ ૧૯૯૮-૨૦૦૪માં ગુજરાત મજદુર કલ્યાણ બોર્ડના ચેરમેન પદે જેવાં મહત્વના પદો પર તેઓ કાર્યરત રહ્યા હતા. તેઓ ગુજરાત વણકર સમાજ ઉપરાંત પાટણની વિરમાયા સ્મારક સમિતિના ચેરમેન પદે સક્રિય રહેવા સાથે પાટણ ખાતે વણકર સમાજના વીર મેઘમાયાનુ રૂ. ૩ કરોડના ખર્ચે સ્મારક બનાવવા પ્રયત્નશીલ હતા. આ ઉપરાંત તેઓ ગુજરાતના હાથશાળ ઉધોગના મજુરો અને કારીગરોના વિકાસ માટે કાર્યરત સંસ્થા ડો. આંબેડકર ગુજરાત હાથશાળ કારીગર સંઘના પ્રમુખપદે, સામાન્ય વર્ગના નાગરિકોની ન્યાય માટેની લડતમાં મદદરૂપ બનતા ગુજરાત સામાજીક ન્યાય સંગઠનના પ્રમુખપદે ગરીબ અને પછાત વર્ગના તેજસ્વી વિધાર્થીઓના માર્ગદર્શન અને મદદરુપ બનવા કાર્યરત ચતુરમાન શિક્ષણ અને ગ્રામોધ્યોગ સંઘના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે તેઓ સક્રિય હતા. તેમના રાજકિય જીવનમાં તેઓ ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે સેવાઓ આપી ચુક્યાં છે. તેઓના અવસાનથી તેમના પરિવારજનો સહિત સમાજ અને ભારતીય જનતા પાર્ટીને પુરી ના શકાય તેવી ખોટ પડી છે. દિવંગતના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ આપે તેવી ગાંધીનગર સમાચાર પરિવાર પ્રાર્થના વ્યક્ત કરે છે.



હડતાળનો ૩૬મો દિવસ : ગાંધીનગર મહાનગરના સફાઈ કામોદારો પોતાના પ્રશ્નો માટે ૩૬ દિવસથી હડતાળ ઉપર છે. લગભગ ત્રણથી ચાર વખત ચર્ચાઓ થયા બાદ પણ પ્રશ્નો ન ઉકેલાતા કામદારોએ હડતાળ ચાલુ રાખી છે. ગઈકાલે ધરણા કરતાં કામદારોને પોલીસે અટકાયત કરી હતી અને ત્યારબાદ છોડી મુક્યા હતા.

### નારાજ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કમાણી પર અધર ઈનકમ સોર્સ ગણીને ટેક્સ વસૂલાતો હતો. જોકે, હવે તેમાં થતાં નફા પર ૩૦ ટકા જેટલો તગડો ટેક્સ ભરવો પડશે. એટલું જ નહીં, ક્રિપ્ટોના ટ્રેડિંગમાં કોઈ લોસ થાય તો તે પણ નફામાંથી બાકાત નહીં મળે. મતલબ કે લોસ ટ્રેડરનો પોતાનો રહેશે, અને નફામાંથી સરકાર ૩૦ ટકા ટેક્સ લઈ જશે. આ સિવાય રિઝર્વ બેંક આગામી વર્ષે ડિજિટલ કરન્સી શરુ કરશે તેવું પણ આજે નિર્મલા સીતારમણે જણાવ્યું હતું. કોર્પોરેટ ટેક્સને ૧૮ ટકાથી ઘટાડીને ૧૫ ટકા કરવામાં આવ્યો છે. તેના પર લાગતો સરચાર્જ પણ ૧૨ ટકાથી ઘટાડીને ૭ ટકા કરી દેવાયો છે. કંપનીઓ માટે સ્વેચ્છાએ કારોબારમાંથી બહાર થવા માટેની સમયસીમા બે વર્ષથી ઘટાડીને છ મહિના કરી દેવામાં આવશે. ડિફેન્સ ક્ષેત્રે દેશને આત્મનિર્ભર બનાવવા માટે બજેટમાં ખાસ ભાર મૂકાયો છે. તેના માટે ખાનગી ઉદ્યોગો, સ્ટાર્ટ-અપનો સહયોગ લેવાશે. પ્રાઈવેટ સેક્ટરને મિલિટરી પ્લેટફોર્મ્સની ડિઝાઈન તૈયાર કરવા તેમજ વિવિધ પ્રોડક્ટ્સ વિકસાવવા પ્રોત્સાહન આપવામાં આવશે. ટેસ્ટિંગ અને સર્ટિફિકેટના કામકાજ માટે સ્વતંત્ર બોડીની રચના કરવામાં આવશે. દેશના ૭૫ જિલ્લામાં ૭૫ ડિજિટલ બેંકની સ્થાપના કરવામાં આવશે. તે જ રીતે આગામી નાણાકીય વર્ષથી ચિપ આધારિત ઈ-પાસપોર્ટ પણ ઈશ્યૂ કરવામાં આવશે. બજેટ રજૂ કરતાં સીતારમણે કહ્યું હતું કે રેલવે નાના ખેડૂતો, સ્જીસ્ઈ માટે નવી સેવા શરુ કરશે. આ ઉપરાંત, હાલ દિલ્હી-વારાણસી વચ્ચે દોડી રહેલી સેમી હાઈસ્પીડ ટ્રેન વંદે ભારત જેવી નવી ૪૦૦ ટ્રેન આગામી ત્રણ વર્ષમાં શરુ કરવામાં આવશે. આગામી નાણાકીય વર્ષમાં દેશમાં હાઈવેના નેટવર્કમાં પણ ૨૫ હજાર કિમીનો વધારો થશે તેમ તેમણે સંસદમાં જણાવ્યું હતું. દેશમાં હવે ૫જી સર્વિસ માટે વધુ સમય રાહ નહીં જોવી પડે. ખાનગી કંપનીઓ માટે ૨૦૨૨-૨૩માં ૫૪ સ્પેક્ટ્રમ માટે હરાજી શરુ કરી દેવામાં આવશે.

### રાહત ન આપી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રહાર કર્યો છે. કોંગ્રેસના કહેવા પ્રમાણે નાણા મંત્રી અને વડાપ્રધાન મોદીએ પગારદારો અને મધ્યમ વર્ગ માટે કોઈ રાહતની જાહેરાત ન કરીને તેમને નિરાશ કર્યા છે. નાણા મંત્રી અને વડાપ્રધાને તેમને દગો આપ્યો છે. કોંગ્રેસે એમ પણ કહ્યું કે, મોદી સરકારની અનર્થનીતિએ દેશ પર દેવું વધારવાનું જ કામ કર્યું છે. મોદીનોમિક્સે અર્થતંત્રને તબાહ કરી દીધું છે. દેશ માટે મોદી સરકારની અનર્થનીતિ હાનિકારક સાબિત થઈ છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પણ તેને જીરો બજેટ ગણાવ્યું છે.

### ફીનટેક યુનિવર્સિટી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફિનટેક અને સાયન્સ ટેક્નોલોજી પર ભાર મૂકવામાં આવશે. કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારમણે જાહેરાત કરી હતી કે ઈન્ટરનેશનલ જુરિસ્ડિક્શનમાં આવતા કેટલાક વિવાદનો સમયસર ઉકેલ લાવવા ગિફ્ટ સિટીમાં આંતરરાષ્ટ્રીય આર્બિટેશન સેન્ટર શરૂ કરાશે, જેને પગલે ગિફ્ટ સિટીના આઈએફએસસીમાં સ્થપાયેલી કંપનીઓ સાથે જો કોઈ વિવાદ થાય તો આ ઓથોરીટિની મદદથી ઝડપી વિવાદ ઉકેલ આવી શકે છે. નાણામંત્રીએ કરેલી જાહેરાતને પગલે ફિનટેક ક્ષેત્રે મોટી જાણીતી ઈન્સ્ટિટ્યૂટ કે યુનિવર્સિટી આવશે તો દેશમાં ઊભરતા ટેકનોલોજી અને ફાઈનાન્સના સમન્વયને લગતા અભ્યાસક્ષેત્રે ફાયદો થશે, સાથે આર્બિટેશન સેન્ટરને પગલે કામગીરી અટકી પડવાને પગલે જે-તે વિવાદ કે નવી બાબત આવે તો એનો ઓથોરિટીથી ઉકેલ આવી શકશે. ઈન્ટરનેશલ આર્બિટેશન સેન્ટર શરૂ થવાને પગલે ફોરેન કંપનીઓને ગિફ્ટમાં તેમના યુનિટ સ્થાપવામાં પ્રોત્સાહન મળશે.

### ખડકલો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાંધવામાં અવશે.જે સૌથી મોટા ક્ષેત્રફળ ધરાવતા ૩૭.૪૩ ચો મી ના બાંધવામાં આવશે. આ ૨૧૦૦ આવાસો પૈકી કોઈપણ સ્થળે લાભાર્થીઓને આવાસ ફાળવવા માટે રૂ ૫.૫૦ લાખની કીંમત નિયત કરાઈ છે. જયારે નવા અને જુના લાભાર્થીઓના આવાસોનો ડ્રો કરવા માટે ટુંકમાં પ્રક્રીયા હાથ ધરાશે આ માટે ગુડાએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. જયારે આ ડ્રો મુખ્યમંત્રીના હસ્તે થાય તે માટે સી એમ નો સમય પણ માગવામાં આવ્યો છે. જેને અનુલક્ષી સ્મૃતિ પત્ર પણ લખી દેવાયો છે. ગુડાના સુત્રોમાંથી મળથી માહીતી અનુસાર આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટેના નવા એક બેડરૂમ હોલ કીચન મળેલી ૪૬૩૨ અરજીની સ્કુટીની કરવામાં આવી હતી તેમાંથી ૪૪૫૫ અરજીઓને મંજુર કરવામાં આવી છે. જયારે આ અરજીઓને ધ્યાનમાં રાખી ડ્રો કરાશે. જયારે કુડાસણમાં બાંધવામાં આવેલા પરંતુ અનામતના કારણોસર પડતર રહેલા બે બેડરૂમ હોલ કીચન સહીતની સુવિધા ધરાવતા ૩૮ આવાસ મેળવવા માટે પણ ૬૫૫ જેટલી અરજીઓ માન્ય રાખવામાં આવી છે. જે મુજબ એક મકાન માટે ૧૭ લાભાર્થીઓ કતારમાં છે. એલ આઈ જી આવાસના કિસ્સામાં દર બીજા અરજદારને આવાસ ફાળવવામાં આવે તેવી સંભાવના છે.

### ૧૦ માર્ગોનું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચકાચક બનાવવા માટે રૂ ૫૨ કરોડનો ખર્ચ થશે. ગાંધીનગર શહેરમાં પણ તબક્કાવાર માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. જયારે જિલ્લાના વિવિધ માર્ગો પર ટ્રાફિકનુ ભારણ વધતા માર્ગોની દશા સુધારવી અનિવાર્ય હોવાનો સુર પણ સ્થાનિકોએ ઉઠાવ્યો હતો. માર્ગોના રૂટમાં સ્થિત ગ્રામજનો દ્વારા પણ વારંવાર માર્ગ સુધારણા માટે રજુઆત કરી હતી. માર્ગ મકાન વિભાગ દ્વારા આ માર્ગોના સરફેસીંગ પાછળ અંદાજિત અડધો કરોડ રૂપિયા મંજુર કરાયા છે. જેમાં પિલવાઈ મહુડી તરફના ૪ કી મી ના માર્ગનુ કામ હાથ ધરાશે. જેની પાછળ રૂ ૨.૨૦ કરોડ આ ઉપરાંત પાલજ બાસણ, શાહપુર તરફ જવાના ૭.૦૮ કી મી ના માર્ગને અનુલક્ષી રૂ ૧૩ કરોડનો ખર્ચ કરાશે જયારે કલોલ માણસા વિજાપુર ના ૧૬ કી મી ના માર્ગના રીસરફેસીંગ માટે રૂ ૧૦.૫૦ કરોડનો ખર્ચ થશે. વડસર ભીમાસણ, સેડફા માર્ગના ૧૧.૨૦ કી મી ના અંતરનુ કામ હાથ ધરવા માટે રૂ ૧૪ કરોડનો ખર્ચ કરાશે. આ ઉપરાંત કોલવડા મોટી આદરજ જલુંદ ધમાસણાના ૫.૩૦ કી મીના માર્ગ માટે રૂ ૩.૭૫ કરોડના ખર્ચનુ આયોજન છે. જયારે માણસા ઈટાદરાના ૬ કી મીના માર્ગના કામ માટે રૂ ૪.૨૦ કરોડ અને દહેગામ સીડફાર્મ, વાસણા રાઠોડ હરસોલી બારાડોલી કાઠી ધમીજ માર્ગના કામને અનુલક્ષીને પણ ૧.૩૦ કરોડનો ખર્ચ કરાશે. કલોલ પાનસર ડીંગુચા વડુ ગામને અનુલક્ષીને પણ આ માર્ગ માટે રૂ ૮ કરોડના ખર્ચે રીસરફેસીંગ કરવામાં આવશે જેના અંતે ૧૧ કી મીના આ માર્ગનુ રોડ નેટવર્ક સુધરશે. જયારે રખિયાલ સાહેબજીના મુવાડા પીંપળજ ના ૬.૬૦ કી મીના રૂટમાં પણ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાશે આ કામ માટે રૂ ૩ કરોડનો ખર્ચ કરાશે. આ ઉપરાંત ખાનપુર સામેત્રીના ૪.૪૦ કી મી ના માર્ગની દશા સુધારવા માટે પણ આયોજન કરાયુ છે. જેની પાછળ અંદાજિત રૂ ૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે. વર્ષોના અંતે આ માર્ગોની સુધારણા માટે આયોજન કરવામાં આવતા આ રૂટમાં અપડાઉન કર્તા અને આસપાસના સ્થાનિક ગ્રામજનોને પણ યોગ્ય રોડનેટવર્ક મળી રહેશે. જયારે પ્રવાસન પથ તરીકે ઓળખાતા પિલવાઈ મહુડી માર્ગનુ બાકી કામ પણ પુર્ણ થશે.

### ૬૪ નવા કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલોલ તાલુકામાં ભોંયણમાં ૨ કેસ, કલોલ શહેરમાં ૩ કેસ ઉપરાંત બોરીસણા, વડસર, ખાત્રજ, વાંસજડા, પાનસર, ધમાસણામાંથી કેસો મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૧૭૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૨૨૦૦ થી વધુ દર્દીઓ અત્યાર સુધીમાં રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૦૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તંત્રએ તાકીદ કરી છે.

### ૨૨૩ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ સે. ૬, ૧૩, ૨૨ માં ૬-૬ કેસ નોંધાયા છે.

સે. ૧૬ અને ૨૪માં ૫-૫ કેસ નોંધાયા છે. સે. ૧૨ અને સે. ૩૦ માં ૪-૪ કેસ, સે. ૨૭, ૨૯, ૧૯, ૨૦ માં ૨-૨ કેસ નોંધાયા છે. શહેરના ૩૦ સેક્ટરોમાંથી ૧૦ સેક્ટરોમાં આજે એક પણ કેસ નોંધાયો નથી.

શહેરમાં આજે વધુ ૩૦૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં આજે પણ ૨૩૦૦ થી વધુ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં ૧૦ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

### તોતિંગ ટાંકી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રોજેકટનુ કામ પુર્ણ થતા શહેરના સેકટરોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવામાં આવશે. જયારે પાણીના સપ્લાય માટે મીટર પધ્ધતિનો પણ અમલ કરાશે. આ માટે પાણીની લાઈનનુ કામ ચાલી રહ્યુ છે જયારે પાણીની નવી બે તોતિંગ ટાંકીનુ પણ નિર્માણ કરાશે. જુના વોટર વર્કસ પર વધુ સ્ટોરેજ ક્ષમતા ધરાવતી બે નવી ટાંકી બનાવાશે. આ માટે ખર્ચનો અંદાજ પણ તૈયાર કરી દેવાયો છે જેનો ખર્ચ મહાનગરપાલિકા દ્વારા વિભાગને આપવામાં આવશે.

### પાંચ દિવસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિધાનસભાના સચિવશ્રી દ્વારા વિધાનસભાના કામકાજ અંગેના જારી કરાયેલા કામચલાઉ કેલેન્ડરમાં જણાવ્યા પ્રમાણે ૧૫મી માર્ચથી અંદાજપત્ર પર વિભાગવાર ચર્ચાઓ માટે માંગણીઓ રજુ થશે અને તે ચર્ચાને અંતે પસાર કરવામાં આવશે.

વિધાનસભાના અંદાજપત્ર સત્ર દરમ્યાન ૮, ૧૦, ૧૫, ૨૨, ૨૪ માર્ચના રોજ ગૃહની બે-બે બેઠક મળશે.